### બારડોલી પોલીસ મથકે કેક કાપી આનંદ વ્યક્ત કરાયો : પોલીસે કામગીરી બિરદાવી

# ૧૮૧ હેલ્પલાઈને ૧૪,૦૪૪ મહિલાને ઉગારી

**પ્રશંસનીય કામગીરી** વર્ષમાં સુરત જિલ્લામાંથી અત્યાર સુધી ૩૮,૩૨૮ મહિલાએ કોલ કર્યા

। બારડોલી ।

મહિલાઓને ઘરેલું હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ ,માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકરી મળે રહે તે માટે ૧૮૧ હેલ્પલાઈનની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને જીવીકે ઈએમઆરઆઈ દ્વારા સંકલિત રીતે ૧૮૧ મહિલા હેલ્પલાઈનનું અમલીકરણ શરૂ કરતાં દ.ગુજરાતમાં પાંચ જિલ્લામાં અત્યાર સુધી ૫૯,૩૮૮ મહિલા હેલ્પલાઈનને મદદ માટે ફોન થયા છે. અને તેમાં ૧૪,૦૪૪ મહિલાઓને પુરા પ્રોટેકશન સાથે મદદ કરાઈ છે.

સોમવારે સુરત જિલ્લા પોલીસવડા એ.એમ.મુનિયા, સુરત ગ્રામ્ય ડીવાયએસપી હેતલ પટેલ, પ્રોટેકશન ઓફિસર નારીસંરક્ષણ ગૃહ,જિલ્લા પોલીસ મથકના અન્ય અમલદારોએ ૧૮૧ની ટીમને શુભેચ્છા પાઠવી તેમની વર્ષ દરમ્યાનની સારી કામગીરીને બીરદાવી હતી. આ અવસરે જિલ્લા પોલીસવડાએ કહ્યુ કે, મહિલા હેલ્પલાઈન દ્વારા ખુબ જ ટુકા ગાળામાં જરૂરીયાત મંદ અને મુશ્કેલીમા મુકાયેલી મહિલાઓને મદદ અને બચાવ કર્યો છે. તે અભિનંદનને પાત્ર છે. બારડોલી પોલીસ સ્ટેશન મથકે પણ પી. આઈ.નયન ચૌહાણ,પોલીસ સ્ટાફ, ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ બારડોલી,૧૦૮ ટીમ ઉપસ્થિત રહી કેક કાપીને આનંદ વ્યકત કર્યો હતો. ખૂબ જ ટૂંકાગાળામાં સુરત ગ્રામ્ય વિસ્તારમાં હેલ્પલાઈન દ્વારા મદદ માર્ગદર્શન અને મહિલાઓના બચાવની કામગીરીને બિરદાવવામાં આવી હતી.દ.ગુજરાતના પાંચ જિલ્લાઓ પૈકી સુરત જિલ્લામાં અત્યાર સુધી ૩૮,૩૨૮ કોલ ૧૮૧ હેલ્પલાઈનને મળ્યા છે. જેમાંથી ૮,૫૫૨ ઠેકાણે રેસ્કયુવાન સાથે મહિલાઓને મદદ પહોંચી છે. તેજ પ્રમાણે નવસારી જિલ્લામાં ૮૮૭૨ હેલ્પલાઈન કોલ મળતા ૨,૩૧૯ મહિલાઓને રેસ્કયુ વાનનો લાભ અપાયો છે. તાપી જિલ્લામાં ૪,૬૯૨ કોલ મળ્યા છે. જેમાં ૧,૨૭૭ મહિલાઓને રેસ્કયુવાનથી મદદ પહોંચી છે. ડાંગ જિલ્લામાં ૧,૦૫૨ કોલ મળ્યા છે. જેમાં ૩૪૮ મહિલાઓને રેસ્કયુવાન સાથે મદદ પહોંચી છે. જ્યારે વલસાડ જિલ્લામાં ૬,૪૪૨ મહિલાઓએ મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનને કોલકર્યા છે. જેમાં ૧૫૩૮ ઠેકાણે રેસ્કયુવાન મોકલીને મહિલાઓને મદદ કરવામાં આવી છે.

**ક્યા જિલ્લામાંથી કેટલી મહિલાઓએ કોલ કર્યા**

| | |
|---|---|
| સુરત જિલ્લાની | ૩૮,૩૨૮ |
| વલસાડ જિલ્લાની | ૬,૪૪૨ |
| નવસારી જિલ્લાની | ૮,૮૭૪ |
| તાપી જિલ્લાની | ૪,૬૯૨ |
| ડાંગ જિલ્લાની | ૧,૦૫૨ |
| કુલ | ૫૯,૩૮૮ |


ગુજરાત પોલીસ
સુરત ગ્રામ્ય


ગુજરાત પોલીસ
પોલીસ અધિક્ષકશ્રી